उतिष्ठत् जाग्रत् प्राप्य वरान्निबोद्यत्

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજનું મુખપત્ર


તંત્રી મંડળ
ભરત એસ. શુકલ
વિપુલ વી. દવે
દક્ષેશ એસ. પુરોહીત
યોગેશ કે. શુકલ
કૌશિક એચ. પાઠક

સપ્ટેમ્બર'૨૦૧૬-માર્ચ'૨૦૧૭

પ્રમુખ : પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય  તંત્રી : જીજ્ઞેશ બી. પંડિત  સંપાદક : હસિત એચ. પાઠક


॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ ॥



સૌજન્ય - શ્રી મહાલક્ષ્મી તીર્થધામ - શહેરા



## સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના

## નવા સુકાનીનું નમ્ર નિવેદન....

સ્નેહીશ્રી વડિલજ્ઞાતી બંધુઓ, બહેનો, માતાઓ, બાળકો સૌને આપના બંસીધર ઉપાધ્યાયના સાદર સસ્નેહ જય ભગવાન, નમસ્કાર.

સૌ કુશળહશો. સૌની કુશળતા વાંછુંછુ. ઘણા વર્ષો પછી આ પરોક્ષ રીતે મળી રહ્યો છું. વખતો વખત પ્રસંગોમાં અને અન્ય કાર્યક્રમોમાં મળવાનું તો થાય છે જ. "જાગૃત્તિ" ના દીપોત્સવી અંક ૧૯૯૨-૯૩માં મળ્યો હતો, એ પછી નાના-મોટા લેખો દ્વારા અને ગયા વર્ષે ૮ વર્ષના ગાળા પછી સૌજન્ય અંકથી મળવાનું પુનઃ શરૂ કર્યું.

વડિલો, જ્ઞાતિબંધુઓ ૧૯૭૦ થી હું સમાજના નાના-મોટા કાર્યમાં પ્રસંગોમાં અને કોઈને કોઈ રીતે સમાજસેવામાં જોતરાઈને કારોબારી સભ્ય રહી અને ગયા વર્ષે પ્રમુખ બનવાને બદલે ઉપપ્રમુખ બની સેવામાં સક્રિય થયો. જોગાનુંજોગ વિરપુર કોલેજમાં પ્રિન્સિપાલ પદેથી નિવૃત્ત થઈ અમદાવાદમાં ગુજરાતની પ્રથમ અને દેશની ત્રીજી યોગ યુનિવર્સિટીમાં કુલપતિ બન્યો, જેથી અમદાવાદ રહેવાનું શરૂ કર્યું જેથી વધુને વધુ શ્રીબંધુના સમાજમાં સેવા રત થયો. પૂર્વ સમજૂતિ મુજબ હાલના પ્રમુખશ્રી અનિલભાઈ દવે એ ૨૯-૦૧-૨૦૧૭ના રોજ ચાર્જ આપી સૌ કારોબારી સભ્યોની સર્વસમંતિથી સમગ્ર શ્રી ગૌડ સમાજ ગુજરાતનું નેતૃત્વ કરવાનું બહુમાન મેળવ્યું, જેનો આનંદ અને ગૌરવ પણ છે. વધારે કાંઈક વાત આગળ વધારું તે પહેલાં આ સમાજના પૂર્વ અગ્રણીઓ, પૂર્વ સુરિઓને વંદન કરું છુ કે આ સમાજને શૂન્યમાંથી રજીસ્ટર સંસ્થા બનાવી સુખ દુઃખના સમાચાર સંચય દ્વારા આદાન પ્રદાન કરવાનું માધ્યમ બનાવ્યું.

વિદ્યાર્થીકાળમાં પણ ઘણા બધા દિવગંત પ્રમુખોને મળ્યો હતો. એડવાન્સ ટોકિઝની બાજુમાં મેડા ઉપર સ્વ.પૂ.પ્રહલાદ કાકાને. સ્વ.પૂ.છોટુભાઈ દવે અને સ્વ.પૂ.શ્રી અજિતભાઈને કર્ણમુક્તેશ્વરમાં મુ.સ્વ.શ્રી રસિકલાલ દવેની હાજરીમાં ખૂબ જ સક્રિય અને સઘન કાર્યભાર સતત નિભાવી રહેનાર કર્તવ્યનિષ્ઠ - પૂર્વ પ્રમુખ પૂ.હરિપ્રસાદભાઈ જોશી(મામા)ની સાથે ખૂબ કાર્ય કર્યું અને સેવા કાર્યમાં તન-મન અને તેમની ધન રેડવાનું તેમની પ્રેરણાથી બીડુ ઝડપ્યું. આમ સમાજ સાથેની મારી સેવા ગતિ પુરાણી અને ન્યારી છે.

હવે હું આપની પાસે આવ્યો છું. એક અદના સૈનિક તરીકે, આવો આપણે સાથે મળીને શું કરીએ તે જણાવો - ભેગા થઈએ, સૂચનો, કાર્યોનું આદાન-પ્રદાન કરી શ્રીના ઉપાસકો, શ્રી બંધુઓ માટે શું શું કરી શકીએ તેનો પ્રારંભ કરીએ. વાતોના વડા નથી કરવાં. મોટી લોભામણી જાહેરાતો નથી કરવી પણ, સમાજને સંગઠિત કરીએ, આર્થિક રીતે સદ્ધર કરીએ, સમાજના સભ્યો બનીએ, બનાવીએ, સારા-માઠા પ્રસંગોએ સમાજને" જાગૃત્તિ" ને જાણકારી શુભેચ્છા પ્રતિક કંઈક આપીએ-અપાવીએ.

આર્થિક રીતે સદ્ધર હોય કે ન હોય તે સૌને એક મંચ ઉપર લાવી સમૂહમાં પ્રસંગો ઉજવીએ જેથી ઉજવણીનાં ખર્ચમાંથી બચીએ, બીજાને ઉપયોગી થઈએ અને આ દ્વારા સમાજને મદદ કરીએ. હું અનેક ટ્રસ્ટીમાં ટ્રસ્ટી છું,

**પોતાના જીવની તાકાત ક્યારેય "માતા-પિતા"**
**પર અજમાવવી નહી કારણ કે તેમણે જ તમને બોલતા શિખવ્યું છે.**

અન્નપૂર્ણા ટ્રસ્ટ, માનવસેવા સમાજ ટ્રસ્ટ, અનાથાશ્રમ આ બધી જગ્યાએ પહેલાં પૈસા ભેગા કરવા પડે. પછી જ દવાની રાહતો, માંદગીમાં ઉપયોગી સાધનો, શિક્ષણમાં આર્થિક મદદ, લોન, પુસ્તકો, વિધવાઓ, ત્યકતાઓ, અનાથ બાળકો, અશક્ત વડિલોની સાંત્વના સાથે અનેક રીતે ઉપયોગી થવાય તેવા કાર્યો કરી શકીએ. આ માટે સમાજની નાની ઓફિસ(કાર્યાલય), કાયમી એક માણસ જે સેવા ભાવી હોય તે નિયમિત પ્રશ્નોના જવાબો, મુશ્કેલીઓનો પ્રત્યુતર આપી શકે. આપણાં બાળકો, યુવાનોને પ્રોત્સાહિત કરતા કાર્યક્રમો વગેરે કરી શકાય. આપ કઈ રીતે સમાજને મદદ કરવા માંગો છો તે જણાવો અને ક્યારે અને કેવી રીતે કરીએ તે, પણ નિ:સંકોચ પણે ફોન દ્વારા, રૂબરૂ મળીને ગોઠવીએ. હું આપ સૌને આ બધા જ કાર્યો માટે ખરા દિલથી આવકારું છું. આપને નમ્ર અપીલ પણ કરું છું કે મતભેદો ભૂલાવી આક્ષેપ-પ્રત્યાક્ષેપ બંધ કરી સૌ એક થાઓ, કેમ કે સંઘે શક્તિ કલૌ યુગે - કળિયુગમાં સંઘમાં, સાથમાં, સહકારમાં રહેવામાં જ લાભ છે.

સંહતિ:કાર્ય સાધિકા - આ ન્યાયે કાર્યની સિદ્ધિમાં સમૂહની ભાવના નહિ હોય તો પાછળને પાછળ જતા રહીશું. આવું ન થાય તે માટે સૌ પ્રથમ સમાજના માત્ર ૩૦૦ રૂા. (બે વ્યક્તિના) ભરી સભ્ય બનીએ. પાકી પહોંચ અને પૂર્ણ સરનામું આપી જાગૃત્તિના લવાજમના હક્કદાર બનો. પછી દરેક પ્રસંગોએ આપ તેમાં શુભેચ્છાઓ, શ્રદ્ધાંજલિઓ, અવસાન નોંધ વગેરે નાના-મોટા સમાચાર આપી મદદરૂપ થવા, આ કાર્યમાં સક્રીય થવા સૌને નમ્ર પ્રાર્થના.

હવે "જાગૃત્તિ" ને બંધ થવા નથી દેવું તે માટે સક્રિય ઉત્સાહી તંત્રી મંડળ તૈયાર કરી આપણા વિચારોનું આદાન-પ્રદાન કરવાનું એક સાધનને ચાલું રાખવું જ રહ્યું તેમાં જાહેરાતો, પ્રોત્સાહિત કરવાવાળી વિગતો આપી તેને પગભર કરીએ.

આ બધું જ કરવું છે પણ ક્યારે આપણે સૌ સાથે હાથથી-હાથ મિલાવીશું તો જ બનશે. માટે આ મારા નહિ પણ આપણા કામમાં આગળ આવો. સમાજને પગભર કરો. જેથી આપણી ભાવી પેઢીને કંઈક " શ્રી" નો વારસો આપ્યાનો સંતોષ મળે.

અને અંતે "શ્રી" ના સ્થાનોને સુંદર અને રઢિયાળમણાં કરી ઉપાસના કરવા, એકત્રિત થવાનું મન થાય અને હૃદયઠરે તેવો અહેસાસ થાય તેવું કંઈક કરી માના શ્રી ચરણોમાં પ્રણામ કરીએ.

આનો ભદ્રાઃ ક્રતવો યંતુ વિશ્વતઃ "અમને ચારેય દિસાઓમાંથી કલ્યાણકારી વિચારો ભલે આવો"

અસ્તુ.

શુભંભવતુ.


આપનો પ્રિ. ડો. બંસીધર ઉપાધ્યાય
પૂર્વ કુલપતિ, યોગ યુનિવર્સિટી
હાલ રીસર્ચ ડાયરેકટર, યોગ યુનિ. અમદાવાદ.
મો. ૯૮૨૪૪૦૬૩૮૧, ૦૭૯-૨૬૬૪૧૦૨૮


**લક્ષ્મી રહીને જેટલું નથી શીખવતી એટલું તે જઈને શીખવે છે......!**

# વિદાય લેતા પ્રમુખનો પત્ર

"સમસ્ત શ્રીગૌડ સમાજ " ગુજરાત - અમદાવાદના પ્રમુખપદે સપ્ટેમ્બર ૨૦૧૫ માં આંધી અને વમળોમાં પસાર થઈને હોદ્દો ગ્રહણ કર્યો. પાછલા વર્ષોનો ઈતિહાસ આપ સૌને જ્ઞાત છે જેથી પુનરાવર્તન કરતો નથી.

મૃત જીવમાં પ્રાણ પૂરવા જેટલા કઠિન અને અશક્ય છે તે જ રીતે અંધકારની ગર્તતામાં ડૂબેલા આપણા પ્રિય સમાજને વિકાસના શિખરો પર લઈ જવો ખૂબ જ કઠિન હતો, નવયુવાનોનો સાથ તેમજ વડીલોના માર્ગદર્શન હેઠળ એક આગવી કાર્યશૈલીઅપનાવી પ્રથમ જ કારોબારીની મિટિંગમાં અલગ અલગ પ્રકારની સમિતિઓ બનાવી દરેકને ભિન્ન ભિન્ન સમિતિઓની જવાબદારી સોંપી, હોદ્દેદારો અને કારોબારીનાં સભ્યોને સક્રિય કર્યા. જ્યારે કાર્યભાર, સંભાળ્યો ત્યારે મને ખ્યાલ હતો કે મારો કાર્યકાળ ખૂબ જ ટૂંકો એક જ વર્ષનો છે. આપણા બંધારણમાં ત્રણ વર્ષની સમય મર્યાદા આપેલી છે પરંતુ પરસ્પર સમજૂતીના આધારે મેં એક વર્ષ પૂરતી જવાબદારી સ્વીકારી અને બાકીના વર્ષોમાં ડૉ.બંસીધરભાઈ ઉપાધ્યાયજીને પ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારવાનું નિશ્ચિત કરવામાં આવ્યું.

સમાજના માળખામાં રહીને કામ કરવું તેમજ સમાજનાં માળખાની બહાર રહીને સમાજસેવા કરવી તદન ભિન્ન છે. જેનો અનુભવ મને મારા કાર્યકાળ દરમિયાન થયો.

કાર્યની પારદર્શકતા, સમાજની અખંડિતતા ટકાવી રાખવી, સંગઠનની પાંખો મજબૂત રાખવી, અનુભવી અને બિનઅનુભવી સમાજની વ્યક્તિઓને સાંકળી તેઓના શિરે પણ સમાજ પ્રત્યેની જવાબદારી સોંપવી વગેરે વગેરે કઠિનકાર્યને સરળ બનાવવામાં સફળ થયા. અમોએ અમારી જવાબદારી ખૂબ જ ચીવટપૂર્વક સૌનો સાથ લઈ, સમાજની રકમ ફંડને વેડફ્યા વગર નિભાવી જાણી.

સપ્ટેમ્બર - ૧૫ માં હોદ્દો ગ્રહણ કર્યા બાદ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતની તવારીખમાં પ્રથમ જ વાર "નવરાત્રી મહોત્સવ"નું આયોજન કર્યું. નવરાત્રીની એક રાત્રિ, અમદાવાદ-ગાંધીનગરના શ્રીજનો, યુવાનો, યુવતીઓ અને બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સમાજમાં જો આવું ઘણાવર્ષો બાદ શ્રીજનોનો મેળાવડો થયો. ભિન્ન ભિન્ન સમાજના અગ્રણીઓએ તેમજ ઉંમરનો બાધ રાખવા સિવાય સૌએ મઝા માણી.

સમાજમાં સભ્યોની સંખ્યા વધારી, અઢાર વર્ષની ઉપરનાં યુવાન, યુવતીઓને પણ સમાજના આજીવન સભ્ય બનાવવા અમારો સંદેશો ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી શકે તે માટે સમગ્ર ગુજરાત રાજ્યના "શ્રીગૌડ બ્રાહ્મણોનું એક અધિવેશન રાખવાનું પણ નક્કી કરવામાં આવેલ પ્લેટફોર્મ તૈયાર પણ થયેલ પરંતુ ઈશ્વરને કદાચ મારા કાર્યકાળમાં સમાજનું બીજું અધિવેશન થાય તે માન્ય નહિં હોય. હું ચર્ચામાં ઉંડો ઉતરતો નથી અને યોગ્ય પણ નથી.

નવરાત્રીના ઉત્સવ બાદ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના નેજા હેઠળ ઈતિહાસની તવારીખમાં પ્રથમ જ વાર અમદાવાદનો આંગણે, ઉન્નતિ હાઈસ્કૂલનાં પટાંગણમાં "જીવનસાથી પસંદગી સંમેલન" નું આયોજન કર્યું. સમગ્ર ભારતવર્ષમાંથી અને ગુજરાતના અલગ અલગ પ્રાંત અને ગ્રામ્ય વિસ્તારમાંથી કુંવારા યુવાન-યુવતીઓએ યોગ્ય પાત્ર, જીવનસાથી શોધવા ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સમગ્ર શ્રીગૌડ સમાજ, ગુજરાતનાં હોદ્દેદારો, કારોબારીના સભ્યો, શ્રીગૌડ જાગૃત્તિ પરિવારે પણ તેટલો જ સંપૂર્ણ સહકાર આપ્યો અને અમો પ્રથમ જ વાર આવું સંમેલન કરવા માટે સફળ રહ્યા. શ્રીગૌડ સમાજ,

અમારી વિકાસની વણઝાર થંભી નહિ. સૌ કોઈ સમાજની "સંપૂર્ણ ક્રાંતિ" ની ગાથામાં સામેલ થતા જણાયા. પરિણામ સ્વરૂપે કાલોલ ખાતે, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, મહાલક્ષ્મી તીર્થધામ, શહેરા અને ૧૩૫ ડેરોલ જુનાઅને નાવા પક્ષનાં નેજા હેઠળ, સમૂહ જનોઈ (યજ્ઞોપવિત) નો કાર્યક્રમ રાખવામાં આવ્યો. સૌ કોઈ શ્રીજનોનો યથાશકતિ મુજબનો નાણાંકીય ફાળો રહ્યો અને દરેક દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આવો રૂડો પ્રસંગ કાલોલનાં આંગણે યોજવા બદલ અમો મહાલક્ષ્મી તીર્થધામના સેક્રેટરી શ્રી જિજ્ઞેશભાઈ પાઠક, અમારા ઉપપ્રમુખ

બગડેલા કેસ ને સુધારે, તે વકીલ કહેવાય, પણ જે કેશને બગડવા નાદે તે વડીલ કહેવાય

શ્રી હરિશભાઈ તેમજ કાલોલનાં સ્થાનિક શ્રીગૌડજનો અને જીવનમાં કદીયે ન ભૂલાય એવા આપણા શ્રીગૌડ દાતા, વીરપુર નિવાસી શ્રી મુકેશભાઈ એસ. શુક્લ નો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

એક વર્ષ દરમ્યાન આવા ત્રણ જબરદસ્ત કાર્યક્રમ સફળ થવા બદલ હું મારા કારોબારીના સભ્યો, હોદ્દેદારો તેમજ શ્રીજનોનો ઋણી છું. આજે સમાજનું નવજાત શિશુ આપમા સમાજ માટે ગર્વ લેતું થયુ.

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના બંધારણમાં ઘણાં મૂળભુત ફેરફારો માંગી લે છે. આ ફેરફાર કરવા માટે અમોએ બંધારણીય સમિતિની પણ રચના કરી છે.

મારા કાર્યકાળ દરમિયાન મારું લક્ષ્ય સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનું એક અત્યંત આધુનિક સગવડવાળું કાર્યાલય હોય કે જેને આપણે ખરા અર્થમાં "શ્રીભવન" કહી શકીએ. સંજોગોવશાત ટૂંકા સમયમાં સ્વપ્ન સાકાર થઈ શક્યું નથી કારણકે "શ્રીભવન" માટે જરૂરી જગ્યા શોધવી અને નિર્માણકાર્ય કરવું અથવા તૌ તૈયાર થયેલ કોઈ ભવન કે જેનો આપણો તાત્કાલિક ઉપયોગ કરી શકીએ. આવા કાર્ય માટે ધીરજ તેમજ સૌ જ્ઞાતિજનોનો આર્થિક સહયોગ જરૂરી છે. પૂરતા નાણાં ભંડોળ સિવાય પ્રારંભિક કરવો અશક્ય છે. ભલે હું પ્રમુખસ્થાન છોડું છું પરંતુ "શ્રીભવન" ના નિર્માણ માટે નાણાંકીય સહયોગ મારો જરૂરથી મળી રહશે. જીવનપર્યાત સમાજના પડખે ઉભી રહેવાની આપણી પ્રાથમિક ફરજ છે. શ્રીભવન ના નિર્માણ માટે અમો એ "બિલ્ડીંગ કમિટિ" ની પણ રચના કરેલ છે. જે પ્રયત્નશીલ છે. સૌનાં સ્વપ્નને સાકાર કરવા. અવશ્ય ધ્યેય સિધ્ધ કરીશું.

"સમૂહ લગ્ન મહોત્સવ" કરવો તેવું પણ આયોજન કરેલ જે "શ્રીગૌડ જાગૃત્તિ" મુખપત્રની અનિયમિતતાના કારણો તેમજ વર્તમાન સંજોગોને આધીન શક્ય બન્યું નથી.

સમાજ પ્રત્યેનું ઋણ અંશતઃપૂર્ણ કરવાનો અધિકાર ભોગવવા મળ્યો તે બદલ સમાજના મોભીઓ અને સમગ્ર ગુજરાત, પરપ્રાંત અને દેશ-વિદેશોમાં સ્થિત થયેલ શ્રીજનોનો હૃદયપૂર્વક આભાર માનું છું. સમાજ એ મારું નિવાસસ્થાન છે. સમાજ સિવાય જીવન જીવવું મુશ્કેલ છે. જીવન જીવવા માટે પ્રાણવાયુની જરૂર છે. તેવી જ રીતે સુખદ જીવનની પળો માણવા સમાજની તેજલી જ જરૂરિયાત છે. એક વર્ષના કાર્યકાળમાં જે કાર્ય કરવાની તક ઝડપી છે અને મારા કાર્યોને સાથ સહકાર આપવા બદલ હું મારા હોદ્દેદારોનો, કારોબારી સભ્યોનો, શ્રીગૌડ જાગૃત્તિ તંત્રી મંડળ અને સમગ્ર સમાજનાં મારા વડિલો, ભાઈ-બહેનો તેમજ મિત્રો સહિત સૌ કોઈનો ખૂબ ખૂબ આભાર પ્રગટ કરું છું.

સમાજથી અધિક શું હોઈ શકે ? સૌને મારા વંદન નમસ્કાર. મારા લાયક કોઈપણ કાર્ય હોય તો વિના સંકોચે આદેશ કરી શકો છો. મારો વિરામ એક વિસામો છે પણ નિંદર માણવા નહિ.

ઈશ્વર સૌને તંદુરસ્ત આરોગ્ય બક્ષે અને સમાજને સૌ કોઈ એક મળી વિકાસના પંથે દોરે તેવી મારી હાર્દિક શુભકામનાઓ સાથે વિરમું છું.

॥ ૐ શ્રી પરમાત્માને નમઃ ॥


અનિલ એસ. દવે
પૂર્વ - પ્રમુખ
સમસ્ત શ્રીગૌડ સમાજ,
ગુજરાત - અમદાવાદ.


---

**શબ્દ એ એવી અનમોલ વસ્તુ છે કે, જેનાથી કાં તમે કોઈના મનમાં ઉતરી જાવછો.**
**કાતો કોઈના મનથી ઉતરી જાવ છો.**

## સમાચાર સંચય

૧. તા. ૧૧-૦૫-૨૦૧૬ ના દિવસે ખેડા-મહાલક્ષ્મી માતાનો પાટોત્સવ ઉઠવાઈ ગયો. સમસ્ત શ્રીગૌડ સમાજ ના કોર કમિટી ના સભ્યો એન દર્શન અને પ્રસાદી નો લાભ લીધો.

૨. મહર્ષિ વેદ વ્યાસ અકાદમી તરફથી શ્રી હસિતભાઈ એચ. પાઠક ને તા. ૧૧-૦૬-૨૦૧૬ ના દિવસે એવોર્ડ અનાયત થયો. - અભિનંદન

૩. શ્રી મેધાવીન જગદીશચંદ્ર પાઠક (શહેરા)નું રથયાત્રા અને શિવરાત્રી વિષય પર ના ફોટોગ્રાફ નું પ્રદર્શન તા. ૦૧ થી ૦૫ જુલાઈ ૨૦૧૬ દરમ્યાન સંસ્કાર કેન્દ્ર, પાલડી - અમદાવાદ ખાતે યોજાઈ ગયું. (અભિનંદન)

૪. શ્રી જયંતકુમાર ગજેન્દ્ર પ્રસાદ જોષી - દેવગઢ બારીયા ના સુપુત્ર શ્રી ગુંજન, ચિ. અર્ચના ભટ્ટાચાર્ય સાથે લગ્ન ગ્રન્થિથી જોડાયા. - શુભાશિષ

૫. શ્રીગૌડ સેવા સમાજ, મુંબઈ તરફથી તા. ૨૮-૦૮-૨૦૧૬ ના દિવસે તેજસ્વી વિદ્યાર્થી ઓ અને વનિતા ઓનો સન્માનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

૬. ગુજરાત ના નાયબ મુખ્ય પ્રધાન શ્રી નિતિનભાઈ પટેલની પ્રોસ્ટેટ સર્જરી નું ઓપરેશન ડૉ. કેતનશુક્લ દ્વાર સપ્ટેમ્બર મહિનામાં કરવામાં આવ્યું હતું. સમાજ માટે ગૌરવની વાત છે.

૭. તા. ૧૨-૦૬-૨૦૧૬ ના દિવસે શ્રી વિનયભાઈ પાઠક (મુંબઈ) દ્વારા માઈન્ડ મેનેજમેન્ટ પર વર્કશોપ **SBG-AG** ના સહયોગથી વિરૂ મેડીકેર, અમદાવાદ ખાતે યોજાઈ ગયો.

૮. તા. ૨૪-૦૭-૨૦૧૬ ના દિવસે રાજકોટ શ્રીગૌડ સમાજ ના તેજસ્વી તારલાના સન્માનના કાર્યક્રમમાં સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ના પ્રતિનિધિ તરીકે શ્રી દક્ષેશ પુરોહિત અને શ્રી જયેશ ભટ્ટે હાજરી આપી હતી.

૯. આણંદ શ્રીગૌડ સમાજે તા. ૦૭-૦૮-૨૦૧૬ ના દિવસે મહાપુજા સાથે સમસ્ત શ્રીગૌડ સમાજના હોદ્દેદારોનું સન્માન કર્યું હતું.

૧૦. પ્રથમ જીવન સાથી પસંદગી સમ્મેલન ના ફળ સ્વરૂપે (૧) ચિ. વિધાત્રી અને ચિ. યશ (૨) ચિ. ભાર્ગવ અને ચિ. સ્વીનલ તથા (૩) ચિ. પ્રતીક વ્યાસ અને ચિ. ગૌરી પંડ્યા એક બીજાને પસંદ કર્યા છે.

૧૧. **SBG-AG** છઠ્ઠા વર્ષમાં પ્રવેશ નિમિતે કેક કાપી ઉજાણી કરી હતી શ્રી ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય, શ્રી મુકેશભાઈ પુરોહિત, શ્રી કુમુદચંદ્ર દવે અને શ્રી વિપુલભાઈ દવે વગેરે ઉપસ્થિત રહી ઉત્સાહ વધાર્યા હતો

૧૨. મધવાસ વતની શ્રીગૌડ સમાજે ફંડ ઉઘરાવી, મધવાસ મહાલક્ષ્મી માતાના મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો

૧૩. શહેરા મહાલક્ષ્મી માતાના મંદિર ના પુનર્નિર્માણ નું કાર્ય શરૂ થઈ ગયું છે. જેના પ્રમુખપદે ડૉ. બંસીધર ઉપાધ્યાય ની વરણી થઈ છે. તથા શ્રી જીગ્નેશભાઈ પાઠકની મહામંત્રી તરીકે વરણી થઈ છે.

૧૪. ગૃહસ્થ પક્ષ નાનુંતડ દ્વારા ગોધરા ખાતે સમૂહ જનોઈયોજી ૨૫ બટુકોને ઉપનયન સંસ્કાર આપ્યા આ

પ્રસંગે આપણા સમાજના પ્રમુખ ડૉ. બંસીધર ઉપાધ્યાય, ઉપપ્રમુખ કનકભાઈ પાઠક, શ્રી યોગેશભાઈ શુક્લ, શ્રી જીતુભાઈ ઉપાધ્યાય (સેવાલીયા), નીતીનભાઈ જોશી વગેરે હાજર રહ્યા હતા. ડૉ. કમલેશ જોષી (ખંભાત) અને કન્વીનર શ્રી મનોજ જોષી વગેરે એ ભારે જહેમત ઉપાડી હતી.

૧૫. શ્રીગૌડ સાડત્રીસ પક્ષ તરફથી તા. ૧૨-૦૨-૨૦૧૭, ૧૨મો યજ્ઞોપવિત સમારંભ યોજાયો હતો જેમાં ૮-બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી હતી.

૧૬. ગૃહસ્થ નાનાતડ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન ગોધરા ખાતે કરવામાં આવ્યું.

૧૭. ગૃહ. મોટુ તડના ડૉ. વિજય પંડ્યાને સોમનાથ ટ્રસ્ટ દ્વારા સુવર્ણ ચંદ્રકથી સન્માનીત કરાયા હતા. અભિનંદન

૧૮. સમસ્ત/શ્રીગૌડ સમાજ વડોદરા દ્વારા ઈનામ વિતરણ, સ્નેહ મિલન, સન્માન સમારંભ તા. ૧૩-૧૧-૨૦૧૬ ના રોજ યોજાય ગયો.

૧૯. મે ૨૦૧૬ માં કાલોલ ખાતે સમુહ જનોઈનું આયોજન ઉપપ્રમુખશ્રી હરીશભાઈ ઉપાધ્યાય, શ્રી જીજ્ઞેશભાઈ પાઠક શહેરા અને તેમની ટીમ દ્વારા ભવ્ય આયોજન થયું હતું વીરપુરના શ્રી મુકેશભાઈ શુક્લ અને કારભારી કુટુંબ દ્વારા યજ્ઞોપવિતના તમામ શ્રી બંધુઓને બ્રહ્મભોજન કરાવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખશ્રી અનિલભાઈ દવે એ રૂા. ૧.૦૦.૦૦૦ ની ભેટ આપી હતી. આ પ્રસંગે ડૉ. બંસીધર ઉપાધ્યાય શ્રી કિરણભાઈ દવે વગેરેએ હાજરી આપી આ પ્રસંગને શોભાવ્યો હતો.

૨૦. શ્રી માનવ શૈલેષકુમાર જોશી - હાલ ડુંગરપુર નું તેમની સ્કુલટીમ સાથે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવમુખરજી દ્વારા સન્માન કરાયું

૨૧. દીપશ્રી પુશ્કીન શુક્લ, રેડીયો વન દ્વારા લેવાયેલ જુનીયર રેડીયો જોકી સ્પર્ધા માં વિજેતા બન્યા છે. અભિનંદન

૨૨. શ્રી વિજયભાઈ એન. ઉપાધ્યાય એડવોકેટ અને નોટરીના ગીરનાર ટીવી ઉપર કાયદાકીય પ્રવૃત્તિ ઉપર વાર્તાલાભમાં ભાગ લીધો હતો.

૨૩. અમદાવાદ નિવાસી શ્રી જયેશ ચંદ્રકાંત શુક્લ ના પુત્ર ચિ. રવિ શુક્લ ના લગ્ન ચિ. વૈદેહી રુત્વિક શુક્લ ના લગ્ન તા. ૦૬-૧૨-૨૦૧૬ ના રોજ અમદાવાદ મુકામે યોજાયેલ છે.

૨૪. કારોબારી સભ્ય (ગૃહ પક્ષ નાનુતડ) શ્રી જયપ્રકાશ એમ. જોષી (બાયડ) ના સુપુત્ર ચિ. આશિષના લગ્ન ચિ. હીના (શ્રી વિપુલભાઈ કે. દવે) ની સુપુત્રી સાથે તારીખ: ૨૧/૧૧/૨૦૧૬ના રોજ લગ્ન યોજાયા હતા.

૨૫. સાડત્રીસ પક્ષના શ્રી જીજ્ઞેશકુમાર બી. પંડિત મહુધા કો.ઓપરેટીવ બેંકમાં ભારે બહુમતીથી ચુટાઈ આવ્યા છે. તે બદલ અભિનંદન

**ટીકા કરવી સહેલી છે, પણ ટેકો કરવો અઘરો છે.**



શ્રીગૌડ સાડત્રીસ સમાજ વનિતાવૃદ દ્વારા સમાજની ૭ બહેનોનું
માતૃવંદના કાર્યક્રમ હેઠળ સન્માન કરવામાં આવ્યું
તા. ૨૫-૧૨-૨૦૧૬ અમદાવાદ



શ્રીગૌડ સાડત્રીસ સમાજનો ૨૬મો ઈનામ વિતરણ
તથા એન્જીનીયરનો સન્માન સમારંભ તા. ૨૫-૧૨-૨૦૧૬
ના રોજ અમદાવાદ મુકામે સંપન્ન થયો



શ્રીગૌડ સાડત્રીસ સમાજ દ્વારા સમાજનો ૧૨મો સમુહ યજ્ઞોપવિત
સમારંભ નડિયાદ મુકામે સંપન્ન થયો જેમાં કુલ ૮ બટુકો ને
જનોઈ આપવામાં આવી તા. ૧૨-૦૨-૨૦૧૭ રવિવાર



સમસ્ત શ્રીગૌડ સમાજ ગૃહસ્થ પક્ષ નાનુતડનો
પ્રથમ સમુહ યજ્ઞોપવિત ગોધરા મુકામે થયો જેમાં
પ્રમુખશ્રી હાજર રહ્યા.





સમસ્ત શ્રીગૌડ સમાજ ગૃહસ્થ પક્ષ નાનુતડનો પ્રથમ સમુહ યજ્ઞોપવિત ગોધરા મુકામે થયો
તા. ૧૨-૦૨-૨૦૧૭ રવિવારના રોજ શ્રીગૌડ બંધુઓની હાજરીમાં સંપન્ન થયો
જેમાં પ્રમુખશ્રી હાજર રહ્યા.

## અવસાન નોંધ

| | | |
|---|---|---|
| શાંતાબેન શિવપ્રસાદ પાઠક | મધવાસ | તા. ૦૩-૦૫-૨૦૧૬ |
| સુભાષ જયંતકુમાર શુક્લ | કાલોલ | તા.૮-૨-૨૦૧૬ |
| સવિતાબેન રેવાશંકર ઉપાધ્યાય | મોરવા(રેણા) | તા.૧૭-૧૧-૨૦૧૭ |
| કૈલાસબેન નિરંજનપ્રસાદ દવે | કાંકણપુર | તા.૧૯-૧-૨૦૧૭ |
| પ્રવિણભાઈ મૂળશંકર પાઠક | શહેરા(હાલ સીંગરવા) | તા.૨૧-૧૧-૨૦૧૬ |
| વિરેન્દ્રરાય જાદવરાય ધ્રુવ | અમદાવાદ | તા.૨૨-૧-૨૦૧૭ |
| અનિલભાઈ અંબાલાલ પાઠક | બોરીયાવી-કણજરી | તા.૧૫-૨-૨૦૧૬ |
| મનહરપ્રસાદ ગૌરીશંકર શુક્લ | નડીયાદ-વીરપુર | તા.૧૦-૨૦-૨૦૧૬ |
| મહેન્દ્રપ્રસાદ મોહનલાલ ઉપાધ્યાય | વડોદરા | તા.૨-૧૨-૨૦૧૬ |
| મધુબેન હરિકૃષ્ણ શુક્લ | અમદાવાદ | તા.૨૩-૧૧-૨૦૧૬ |
| ચંદ્રકાંતા ભાનુશંકર જોશી | વડોદરા | તા.૧-૧-૨૦૧૭ |
| માયાદેવી હરેન્દ્રપ્રસાદ પાઠક | વડોદરા | તા.૩૦-૧૨-૨૦૧૬ |
| સવિતાબેન હર્ષદરાય ભટ્ટ | રાજકોટ | તા.૨૩-૧૨-૨૦૧૬ |
| ભાવનાબેન દેવાશ્રયી | અમદાવાદ | તા. ૦૮-૦૫-૨૦૧૬ |
| વસંતલાલ એસ. દવે | સુંદરણા | તા. ૧૨-૦૫-૨૦૧૬ |
| પંકજભાઈ વી. દવે (સુંદણાં) | ખંભાત | તા. ૦૨-૦૯-૨૦૧૬ |
| શ્રીકાંત દિનકર શુક્લ | અમદાવાદ | તા. ૧૯-૦૯-૨૦૧૬ |
| વિરબળાબેન ચંદ્રકાંતભાઈ શુક્લ | ઓડ | તા. ૦૨-૦૩-૨૦૧૬ |
| દીપકભાઈ એમ. શુક્લ (કારોબારી સભ્ય) | મુંબઈ | તા. ૧૭-૦૨-૨૦૧૭ |
| મીનાક્ષીબેન દીપકકુમાર પંડ્યા | કાલોલ | તા. ૧૮-૦૭-૨૦૧૬ |
| કુસુમબેન રવીન્દ્રભાઈ શુક્લ | વડોદરા | તા. ૦૪-૧૧-૨૦૧૬ |
| મયુરકુમાર ભાનુપ્રસાદ પાઠક | દેવગઢ બારીયા | તા. ૨૭-૦૨-૨૦૧૭ |
| મધુસુધન એમ. શુક્લ | કુણી | તા. ૨૮-૦૨-૨૦૧૭ |
| મનહરભાઈ કાંતીલાલ પુરાણી | વડોદરા | તા. ૦૨-૦૩-૨૦૧૬ |
| અરૂણાબેન પ્રફુલચંદ્ર પાઠક | વડોદરા | તા. ૧૯-૦૬-૨૦૧૬ |
| ગીરીશભાઈ રણછોડભાંઈ ભટ્ટ | અમદાવાદ | તા. ૦૭-૦૭-૨૦૧૬ |
| જેષ્ઠારામ દામોદરદાસ દ્વિવેદી | મધવાસ | તા. ૧૯-૦૭-૨૦૧૬ |
| ઈન્દીરાબેન ઈન્દુભાઈ પાઠક | ગોધરા | તા. ૨૯-૦૭-૨૦૧૬ |
| ઉર્મીલાબેન મનહરલાલ જોષી | ખંભોળજ | તા. ૧૦-૦૭-૨૦૧૬ |
| કમલેશભાઈ વસંતરામ ભટ્ટ | રાજકોટ | તા. ૦૮-૦૪-૨૦૧૬ |
| સુવર્ણાબેન અશ્વિનભાઈ પંડ્યા | પેટલાદ | તા. ૧૦-૦૭-૨૦૧૬ |
| રાજેન્દ્રભાઈ નટવરલાલ દવે | અમદાવાદ | તા. ૧૮-૦૭-૨૦૧૬ |
| વિમલભાઈ એસ. દવે | દિલ્હી | તા. ૦૩-૦૭-૨૦૧૬ |
| શ્રીમતી નલીનીબેન નરેન્દ્રપ્રસાદ શુક્લ | અમદાવાદ | તા. ૨૮-૦૬-૨૦૧૬ |
| હંસાબેન જીતેન્દ્રભાઈ દવે | ગાંધીનગર | તા. ૧૨-૦૨-૨૦૧૭ |
| નલીનીબેન દીલીપભાઈ શુક્લ | ઉમરેઠ (દહેગામ) | તા. ૦૬-૧૧-૨૦૧૬ |

## સમાચાર સંચય

શ્રી મહાલક્ષ્મી ધામ, શહેરા ના ઉપક્રમે ટ્રસ્ટના મહામંત્રીશ્રી જીજ્ઞેશભાઈ પાઠક અને તેમની ટીમ દ્વારા સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના નવ નિયુક્ત પ્રમુખ પ્રિ. ડો. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય નો સત્કાર તા. ૦૫-૦૩-૨૦૧૭ ના રોજ યોજાયો હતો. અને મધવાસ ખાતે મહાલક્ષ્મી મંદિરમાં પણ પ્રમુખશ્રીના સતકાર અને ભોજનનું આયોજન થયું હતું. અને બપોરે ૪ વાગે લુણાવાડા ખાતે સત્કાર અને આઈસ્ક્રીમ પાર્ટીનો આયોજન થયું હતું. જેમાં કારોબારી સભ્યો સહીત મોટી સંખ્યા માં જ્ઞાતિજનો એ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત ધાર્મિક પ્રવાસનું પણ આયોજન કરાવ્યું હતું.

## નોંધ

(૧) **આપનો કે આપના સ્નેહી સગાઓ જેઓ આજીવન સભ્યો હોય અને જાગૃતીનો આ અંક ન મળે તો ચોક્કસ પ્રમુખશ્રી, મંત્રી, તંત્રી કે સમાજના કાર્યલયને પત્ર અથવા ફોનથી આપ સરનામું મોકલશો.**

(૨) આપને ત્યાં સારા-માઠા પ્રસંગે સમાજને યાદ કરી જાગૃતિમાં પુષ્પ પ્રતિક તરીકે કંઈક મોકલશો.

(૩) આગામી મહિનાઓમાં ૧૪-૧૫ અને ૧૫-૧૬ ના વર્ષો નો ઈનામ વિતરણ કાર્યક્રમ કરવો છે. તો સૌ. વાલીઓએ પોતાના બાળકોની માર્કશીટ્સની નકલ કાર્યાલય માં પુનઃ મોકલશો.

(૪) સમાજ ના ઉપપ્રમુખ શ્રી હરીશભાઈ ઉપાધ્યાય એ કારોબારીની મિટિગ વારાફરથી અલગ અલગ સ્થળે રાખવાનું સુચન કર્યું. હવે પછીથી કાલોલ ખાતે મિટિંગનું આમંત્રણ આપેલ છે. સારા સુચન બદલ આભાર અને અભિનંદન.





**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના નવા વરાયેલા પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય નો સન્માન તથા પૂર્વ પ્રમુખશ્રી અનિલભાઈ દવે અભિવાદન સમારંભ**

## પ્રેમાંજલિ



સ્વ. શ્રી મહેન્દ્રપ્રસાદ મોહનલાલ ઉપાધ્યાય

જન્મ તા.: ૦૭-૦૭-૧૯૪૩ સ્વર્ગવાસ તા : ૦૨-૧૨-૨૦૧૬

લીલુંછમ જીવન પલભરમાં વિખરાઇ ગયું, ક્ષણભરનું જીવન સંઘર્ષમાં રંગાઇ ગયું,
સતાવે છે અમને એકલતા, એ દિવસે સૂર્યને નહોતું ઉગવું,
પ્રત્યેક પળે નિરખું તમારી છબી, મુજબ હૈયા મહી, રોમ રોમમાં
સ્નેહ તમારી શક્તિ હતી, પરિવાર તમારુ મંદિર હતું,
પરિશ્રમ તમારુ કર્તવ્ય હતું સુખ દુ:ખમાં સદાય, પરિવાર
સાથે રહેવાના સંસ્કારની શીખ હતી.
આપના દિવ્ય આત્માને અમારી પ્રેમાશ્રુભીની અંજલિ

**ભારતી મહેન્દ્ર ઉપાધ્યાય**
**નિરવ મહેન્દ્ર ઉપાધ્યાય**
**મિતુલ પી. દવે**

**દીપા મિતુલ દવે**
**ધ્રુવા મિતુલ દવે**
**શ્રેયા મિતુલ દવે**

**સ્વર્ગસ્થના ધર્મપત્ની ભારતીબેન એમ. ઉપાધ્યાયે રૂા. ૧૦૦૦/- સમાજને આપી સ્મરણાંજલિ અર્પી છે.**

# સમસ્ત ઉપાધ્યાય પરિવારની ભાવાંજલિ

## શુભેચ્છા પ્રતિક

### જાગૃતિ નિભાવફંડમાં આવેલ અનુદાન

રૂા. ૧૫૦૦/- વિરુ મેડિકેર - પુષ્પેસભાઈ પાઠક
રૂા. ૫૦૦/- પ્રો. ડૉ. અલ્પેશ બંસીધરઉપાધ્યાય
રૂા. ૫૦૦/- પ્રો. ડૉ. કેયુર બંસીધર ઉપાધ્યાય
રૂા. ૧૫૦૦/- નીતીનભાઈ વાસુદેવભાઈ જોષી
રૂા. ૧૦૦૦/- સ્વ. મહેન્દ્રપ્રસાદ મોહનલાલ ઉપાધ્યાય
રૂા. ૫૦૦/- સ્વ. અનસૂયાબેન જયકૃષ્ણભાઈ પંડ્યા
રૂા. ૫૦૦/- મનહરલાલ જોષી - ખંભોળજ

### જાગૃતિ કાયમી ફંડ

રૂા. ૫૦૦૦/- ચિરાગભાઈ શૈલેષભાઈ શાસ્ત્રી - અમદાવાદ
રૂા. ૫૦૦૦/- જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય - સેવાલિયા
રૂા. ૫૦૦૦/- સ્વ. સુધાબેન બંસીધર ઉપાધ્યાય - લુણાવાડા
રૂા. ૫૦૦૦/- ઉદયભાઈ મધુકરભાઈ શાસ્ત્રી - અમદાવાદ
રૂા. ૫૦૦૦/- કુમુદભાઈ અંબાલાલ દવે - અમદાવાદ
રૂા. ૫૦૦૦/- મ્રૃદુલાબેન વસંતરાય દવે - અમદાવાદ
રૂા. ૫૦૦૦/- જીજ્ઞેશભાઈ એસ. પાઠક - શહેરા

**કોઈની સફળતાની ઈર્ષા કરતા પહેલા એનો સંઘર્ષ ચોક્કસ જોઈ લેવો.**

# -:: વિરૂ મેડીકેર ::-

**પુષ્પેશ કનુભાઈ પાઠક**

દવાઓ-કોસ્મેટીક્સ - સર્જીકલ

જી/૧૦, જયદિપ ટાવર, આયોજનનગર, પાસે,

ધરણીધર, પાલડી, અમદાવાદ-૭.

ફોન નં. (૦૭૯)૨૬૬૧૩૫૪૦, ૨૬૬૧૩૫૪૧

**શ્રીગોડ સમાજ ના સભ્યો ને ૧૫% ડિસ્કાઉન્ટ**
**(સભ્યપદ નંબર લાવવો ફરજીયાત) શરતો ને અધિન**

## યોગેશકુમાર એન્ડ બ્રધર્સ

**(કાપડ અને સાડીના વેપારી)**

**નિતીન વાસુદેવભાઈ જોષી**

ફોન નં. : ૦૨૬૭૪-૨૩૦૫૨૭

મો. ૯૯૨૫૧૩૦૫૨૭

મુ.કોઠંબા,

તા. લુણાવાડા જી. મહીસાગર

## શ્રીજી ક્લોથ સેન્ટર

**(ચીલ્ડ્રન અને**
**જેન્ટ્સવેર નો શો રૂમ)**

**નિતીન વાસુદેવભાઈ જોષી**

ફોન નં. : ૦૨૬૭૪-૨૩૦૫૨૭

મો. ૯૯૨૫૧૩૦૫૨૭

મુ.કોઠંબા, તા. લુણાવાડા જી. મહીસાગર



**પ્રકાશક અને મુદ્રક :**
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી
પ્રમુખશ્રી પ્રિ. ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય
C/ શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩,
જુની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,
અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦
આજીવન સભ્ય ફી : ૨૦૧/- પતિ-પત્નિ સાથે રૂા. ૩૦૧/-
પરદેશમાં રૂા. ૨૫૦૦/-


બુક પોષ્ટ

પ્રતિ.

Shri Jayantkumar
Gajendraprasad Joshi,
**PLOT No.415/2, Sector-3**
**B, GANDHINAGAR -**
**382006.**